ગાંધીનગર સમાચાર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૭૫થી વધુ નિરીક્ષકો નિમાશે



**સોનેરી સંધ્યા** - આસો સુદ પુનમની સંધ્યા પણ સોનેરી બને છે... સૂર્યની વિદાય અને ચંદ્રનો પાદુર્ભાવ આકાશમાં દિવ્ય અને ભવ્ય માહોલ સર્જે છે... સંધ્યાનું સૌંદર્ય માણવા માટે પણ સદનસીબની આવશ્યકતા છે... સમય અને દૃષ્ટિ બંને સંયોગ સંધ્યા માણવા માટે પર્યાપ્ત છે... ગાંધીનગરના સેક્ટર-૬ના રહેણાંકના ધાબા પરથી લેવાયેલી આ તસવીરમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવનું શિખર, ચંદ્રનો ઉજાસ અને સૂર્યની લાલાશનો અનોખો સંયોગ અલૌકિકતાના દર્શન કરાવે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# શહેરમાં શરદી-સળેખમના દર્દીઓ ઉભરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં બદલાયેલા વાતાવરણને વાયરલ ફિવર તેમજ શરદી-ઉધરસના દર્દીઓની લાંબી કતારો સવારથી જ લાગી જાય છે.

**વાયરલ ફિવરના દર્દીઓથી ઉભરાતા દવાખાના : બેવડી ઋતુનો અનુભવ થતાં જ લોકોમાં બિમારીનું પ્રમાણ વધ્યુ**

પગલે શરદી-સળેખમ ઉધરસ અને વાયરલ ફિવરના દર્દીઓની સંખ્યામાં ભારેખમ વધારો થવા પામ્યો છે.

સિવિલ હોસ્પિટલ તેમજ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં દિવસ દરમ્યાન ગરમી અને સાંજે ઠંડીનું વાતાવરણ હોવાને કારણે બેવડી ઋતુનો અનુભવ લોકો કરી રહ્યા છે. વાયરલ તેમજ સ્વાઈન ફ્લુ જેવા રોગોની સાથે રક્ષણ માટે આયુર્વેદ શાખા દ્વારા ઉકાળાનું વિતરણ સઘન કરવામાં આવ્યું છે.

બેવડી ઋતુના આ સમયગાળાને ઋતુનું સંક્રમણ પણ ગણવામાં આવે છે. દિવસે ગરમીનો પારો ૩૨થી ૩૫ ડિગ્રી વચ્ચે રહે છે. જ્યારે ઠંડીનું વાતાવરણ સાંજથી ધીમી ગતિએ પકડાતુ હોય છે જો કે વહેલી સવારે ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

આરોગ્ય તંત્રએ પણ તમામ તબીબી અધિકારીઓને આ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું છે. સ્વાઈન-ફ્લુના કેસોની સંખ્યા વધવાનો ભય પણ તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગળામાં ખિચ..ખિચ અને સામાન્ય દુ:ખાવા સાથે શરદી અને સળેખમની ફરિયાદો કરતા દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સુકી ઉધરસના દર્દીઓ પણ મળી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે વાયરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધતી જોવા મળી રહી છે. જેમાં એક-બે દિવસના સખ્ત તાવમાં દર્દીનું શરીર તુટવા સહિતની ફરિયાદો કરતા નજરે પડી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં વાયરલ ફિવરને લઈ ખાસ ઓપીડી પણ ચલાવવામાં આવી રહી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૭૫થી વધુ નિરીક્ષકો નિમાશે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા ૭૫ થી વધુ નિરીક્ષકોની નિમણુંક કરશે.

૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તા.પં. અને ૫૬ નગરપાલિકા તથા ૭ મહાનગરપાલિકાની આગામી મહિને યોજાનાર ચૂંટણી અંગેની તૈયારીમાં વ્યસ્ત બનેલા રાજ્ય ચૂંટણી પંચે નિરીક્ષકોની નિમણુંક અંગેની કવાયત હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે સચિવ કક્ષાના સનદી અધિકારીઓને આ નિરીક્ષક તરીકે નિમણુંક આપવામાં આવશે તેઓ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જે તે જિલ્લામાં જશે. આ નિરીક્ષકોએ

**સચિવ કક્ષાના અધિકારીઓની નિરીક્ષક તરીકે નિમણુંક કરાશે : એકાદ-બે દિવસમાં નિમણુંક કરી દેવાશે**

રાજ્ય ચૂંટણી પંચને તેમનો અહેવાલ આપવાનો રહેશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આચારસંહિતા તેમજ ખર્ચ બાબતોને લઈ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર નિરીક્ષકો ચાંપતી નજર રાખશે અને તેમનો અહેવાલ પંચને આપશે.

પંચ દ્વારા મહાનગરપાલિકા માટે અલગ, નગરપાલિકા માટે અલગ તેમજ જિલ્લા-તાલુકા પંચાયતો માટે અલગ-અલગ નિરીક્ષકો નિયુક્ત કરશે. આ માટે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ પાસેથી અધિકારીઓની યાદી પણ મંગાવી લેવામાં આવી છે અને આગામી એકાદ-બે દિવસમાં જ આ નિમણુંકની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓ આવતીકાલે બેઠક વ્યવસ્થા જોઈ શકશે

ગાંધીનગર તા ૨૭

આગામી તા ૩૦ ઓક્ટોબરથી શરૂ થનારી ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષાને અનુલક્ષી પરિક્ષાર્થીઓ તા ૨૯ મી ના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન પરિક્ષા કેન્દ્રો ખાતે બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકશે. જો કે વિદ્યાર્થીઓને પરિક્ષાખંડમાં જવા દેવામાં આવશે નહી.

**વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં જઇને નંબર જોઇ શકશે નહી**

ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષા આગામી તા ૩૦ ઓક્ટોબરથી શરૂ થનાર છે. જયારે પરિક્ષાને અનુલક્ષી શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ પ્રકારની તકેદારી રાખવામાં આવશે. જયારે પરિક્ષાના તમામ બ્લોકને સી સી ટીવી કેમેરાથી સજ્જ કરી દેવામાં આવ્યા છે. ગેરરીતી આચરનારા વિદ્યાર્થીઓ સામે ફુટેજના આધારે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.પરિક્ષા કેન્દ્રો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા પણ સુચના આપવામાં આવી છે. જયારે પરિક્ષાના સેન્ટરો આસપાસ જાહેરનામાં મુજબના નિયમોનો અમલ થાય તેનુ પણ ધ્યાન રાખવામાં આવશે. બોર્ડની પરિક્ષાને બે દિવસ જ આડા રહયા હોવાથી વિદ્યાર્થીઓ પણ તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં થાય તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. શિક્ષણ વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને પરિક્ષાની બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મળી રહે તે માટે તા ૨૯મી ના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# આચારસંહિતાના અમલ માટે સજ્જ થતું તંત્ર : ૪ જાહેરનામા પ્રસિદ્ધ

ગાંધીનગર, તા.૨૭

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત સાથે જ અમલમાં આવેલ આચારસંહિતાના અમલ અંગે તંત્ર હરકતમાં આવ્યું છે. આ આચારસંહિતાના અમલને લઈ આજે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ચાર જેટલા અલગ - અલગ જાહેરનામા પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે.

આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો હોવાથી હવે સભા તેમજ લાઉડ સ્પીકર માટે મંજૂરી લેવાની રહેશે. આ ઉપરાંત ભીંત પર લખાયેલા સૂત્રોને દૂર કરવા સહિતની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પંચાયતોની ચૂંટણીના મોનીટરીંગ માટે અલાયદો કંટ્રોલ રૂમ પણ ટૂંકમાં જ શરૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત કર્મચારીઓ અધિકારીઓની નિમણૂકની કામગીરી હાલ ગતિમાં છે.

જિલ્લા તંત્ર દ્વારા આગામી દિવસોમાં આચારસંહિતાના અમલ માટે તેમજ મતદાર જાગૃતિ માટે અલગ - અલગ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત જે પદાધિકારીઓ પાસે સરકારી વાહનો છે તે જમા કરાવી દેવા માટેની સૂચના આપતા પત્રો પણ લખી દેવામાં આવ્યા છે.


## ગાંધીનગરનું ગૌરવ-અભિનંદન



ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોના રાષ્ટ્રપતિ ભવનમાં અદ્દભૂત ગરબાની પ્રસ્તુતિ અને રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાના અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી ભાવિન પટેલ અને ટીમના તમામ કલાકારોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... ભાવિન પટેલના નેતૃત્વમાં સૌ કલાકારો ઉત્તરોત્તર પ્રગતિ કરી ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારો એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.

શિવમ્ જ્વેલર્સ | રંગોલી પ્રિસ્કૂલ

પગરવ હોસ્પિટલ



**બેસણું**



અમારા માતૃશ્રી **મધુબા** (ઉ.વ.૬૯) તા.૨૫-૧૦-૨૦૧૫ના રોજ ગોલોકવાસી થયા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. **સદ્દગતનું બેસણું તા.૨૯-૧૦-૨૦૧૫ ને ગુરૂવારના રોજ સવારના ૮ થી ૧૦** કલાકે રાખેલ છે.

**સ્થળ: શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, શ્રી ઉમિયા માતાજીના મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

ડો.નીતાબેન કે. શેખાત | ડો.હીનાબેન જી.પટેલ

ડો.કાંતિલાલ મેપાભાઈ શેખાત | ગીરીશભાઈ ગોરધનભાઈ પટેલ



**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188

Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001 Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com, E-mail: investors.gspl@gspc.in

Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 6th **November, 2015**, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th September, 2015.

For Gujarat State Petronet Limited

sd/-

Company Secretary

Place: Gandhinagar

Date: 27th October, 2015



## જન્મદિને શુભાશિષ...



**બેટા,**

તારી વર્ષગાંઠે....

અમારા

અંતરના

આશિષ....

**અબીર હાર્દિક દેસાઈ**

(જન્મ તારીખ : ૨૮-૧૦-૨૦૧૩)

લિ.

પંકજ દેસાઈ | હાર્દિક દેસાઈ

નયના દેસાઈ | ચારૂલ દેસાઈ

જયશ્રી જોશી, અંકુર દોશી, પાયલ દોશી


## શિક્ષણ વિભાગના ચાર અધિકારીઓ જોઈન્ટ ડાયરેકટરની પરિક્ષામાં ઉત્તિર્ણ

ગાંધીનગર તા ૨૭

જી પી એસ સી દ્વારા લેવાયેલી જોઈન્ટ ડાયરેકટરની પરિક્ષામાં શિક્ષણ વિભાગના ચાર અધિકારીઓ ઉત્તિર્ણ થયા છે. જેમાં ગાંધીનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં પ્રાચાર્ય તરીકે ફરજ બજાવતા ટી એસ જોષીનો સમાવેશ થાય છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી જોઈન્ટ ડાયરેકટરની પરિક્ષામાં શિક્ષણ વિભાગની વિવિધ કચેરીમાં ફરજ બજાવતા ચાર અધિકારીઓ ઉત્તિર્ણ થયા છે. જેમાં કમિશ્નર ઓફ સ્કુલ તેમજ રાજય પરિક્ષા બોર્ડ સહીતની કચેરીમાં ફરજ બજાવતા જિલ્લા શિક્ષણાધિકારી સમકક્ષના અધિકારીઓ આ કસોટીમાં પાસ થયા છે. જેમાં અમદાવાદ ગ્રામ્યમાં જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા એમ આઈ જોષી, ગાંધીનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં પ્રાચાર્ય તરિકે ફરજ બજાવતા ટી એસ જોષી, જિલ્લા શિક્ષણ તાલીમભવન અમદાવાદ ગ્રામ્યમાં પ્રાચાર્ય તરીકે ફરજ બજાવતા નુતનબેન રાવલ તેમજ અમદાવાદમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રફુલ્લ જલુનો સમાવેશ થાય છે. આ ચારેય અધિકારીઓ આ કસોટીમાં પાસ થતા તેમની જોઈન્ટ ડાયરેકટર તરિકે નિમણુંક કરવામાં આવશે. આ બદલ શિક્ષણ વિભાગે પણ ગૌરવની લાગણી વ્યકત કરી છે.


## ઓગણીસમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. કુંદનબેન બી. શુક્લ**

આસોવદ બીજ - સંવત-૨૦૫૨

સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૧૯ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ, શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી ડો. એચ. એલ. ત્રિવેદી
(ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
હરિપ્રસાદ ત્રિવેદી
(ડાયરેક્ટર, એગ્રી.)
સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.)



ઈન્વેસ્ટમેન્ટ ટેક્સ ફ્રી

State Bank of India

ગેરેન્ટેડ બોન્ડ (SBI)

વર્ષે ૫ લાખ ભરો ૫ વર્ષ માટે અને ૨૫ હજાર તરત જ પાછા મેળવો પ્રથમ ૨૧ વ્યક્તિ

મો. : ૯૧૭૩૭૩૭૯૬૩



## ૧૫મી પૂણ્યતિથિએ હૃદયાંજલિ



આપનું સ્મરણ એ જ અમારી જીવન સંજીવની...

**સ્વ. વિઠ્ઠલભાઈ પ્રભુદાસ પટેલ (એડવોકેટ)**
(અડાલજ)

ગંગા સ્વ. મધુબેન વિઠ્ઠલભાઈ પટેલ

સ્વ. બાલુભાઈ પ્રભુદાસ પટેલ
રમેશભાઈ બી. પટેલ (એડવોકેટ & નોટરી)
હિતેષભાઈ બી. પટેલ (અજિતભાઈ)
સચિન આર. પટેલ
ધવલ આર. પટેલ
સમર્થ એચ. પટેલ
યશ એચ. પટેલ

ડો. હિમાંશુ વી. પટેલ (એડવોકેટ)
(પ્રવક્તા-જીપીસીસી, ચેરમેન, સિન્ડીકેટ સભ્ય)
હિરેન વી. પટેલ (વર્લ્ડ કેમ કોર્પોરેશન)
ડો. નિવા એચ. પટેલ
શીવ એચ. પટેલ
વેદ એચ. પટેલ

ઈલા સુરેશકુમાર શાહ ● રમીલા બી. પટેલ ● મીના દિપેશકુમાર પટેલ ● ભાવના રાકેશ પટેલ
ડો. મિલન, ડો. ખૂશ્બુ, સુચિ, વિધી, રૂશિ

**સ્વ. પ્રભુદાસ હરીભાઈ પટેલ (અડાલજવાળા) પરીવાર...**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com